પેસેજ, લીફ્ટ વિગેરે સુવિધાઓ મેળવવાના તેમજ **આસ્થા દિપ**માં આપવામાં આવતી તમામ કોમન ફેસેલીટીઝ તથા એમેનીટીઝ મેળવવાના તેમજ અમો ભોગવવાના હક્કો સહીત તેમજ લાઈટ, પાણી, ગટર, લીફ્ટ, દાદર વિગેરે સુવિધાઓ મેળવવાના હક્કો તથા સુખાધિકારો સહિત કુલ અભરામના દાવે ચાંદો સૂરજ તપે ત્યાં સુધી અઘાટ વેચાણ આપી મજકુર ફ્લેટનો ખાલી અને પ્રત્યક્ષ કબજો તમો વેચાણ લેનારને સ્થળ ઉપર સોંપી મજકુર ફ્લેટના કુલ સ્વતંત્ર માલિક કબજેદાર ઠરાવ્યા છે તથા પ્લોટની જમીનમાં સહમાલિક ઠરાવ્યા છે.

(૨) **આસ્થા દિપ**ના બાંધકામ માટે બીનખેતીની પરવાનગી આણંદના મે. કલેક્ટર સાહેબે તેમના હુકમ નં. ........................................., તા.................. થી આપેલી છે. તેમજ આણંદ-વલ્લભવિદ્યાનગર-કરમસદ શહેરી વિકાસ સત્તા મંડળ, આણંદ તરફથી તેમના પત્ર ક્રમાંક નં. અવકુડા/લે.આઉટ/વિ.પ./વશી/૫૮૨, તા.૨-૪-૨૦૧૮ થી બાંધકામની પરવાનગી આપેલી છે.

(૩) **આસ્થા દિપ**ના ટેરેસની સંપૂર્ણ માલિકી અમો વેચાણ આપનારની રહેશે. અને તેમાં ભવિષ્યમાં વધારાનું બાંધકામ મળે તો તે બાંધકામ કરવા, વેચાણ કરવા, ભાડે આપવા તથા ખુલ્લો ટેરેસ ભાડે આપવા તથા તેમાં ટાવર બાંધવા અમો વેચાણ આપનાર કાયદેસરના હક્કદાર છીએ. જેમાં તમો વેચાણ લેનારે કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર ઉઠાવવાનો નથી. તેમજ ગ્રાઉન્ડ ફ્લોરમાં મુક્વામાં આવેલ પાર્કીંગનો ઉપયોગ તમામ ફ્લેટ માલિકોએ સહીયારી રીતે માલિકી કરવાનો રહેશે.

(૪) **આસ્થા દિપ**ના ફ્લેટ-માલિકો ભવિષ્યમાં એસોસીએશન બનાવે તો તેમાં તમો વેચાણ લેનારે ફરજીયાતપણે સભ્ય થવાનું છે તેમજ તેના નીતિ-નિયમોનું પાલન કરવાનું છે. તેમજ **આસ્થા દિપ**માં આપવામાં આવતી કોમન ફેસેલીટીઝ જેવી કે કોમન દાદર, લીફ્ટ, લાઈટ, પાણી, વોચમેન વિગેરે અંગે જે કાંઈ ખર્ચ કે નિભાવખર્ચ થાય તેનો ફાળે પડતો હિસ્સો **આસ્થા દિપ**ના વહીવટકર્તાઓને નિયમિત રીતે ચુકવી આપવાનો છે અને તેમ કરવામાં કસુર કરો તો તમોને મળતી ફેસેલીટી અટકાવવા વહીવટકર્તા કાયદેસરના હક્કદાર રહેશે.

(૫) **આસ્થા દિપ**ના અન્ય સહમાલિકોને કોઈ નુકશાન થાય કે કોઈ ન્યુસન્સ ઉભું થાય તેવું કોઈ કૃત્ય તમો વેચાણ લેનારે કરવા-કરાવવાનું નથી કે કોઈની લાગણી દુભાય તેવું કોઈ કૃત્ય તમો વેચાણ લેનારે કરવા કરાવવાનું નથી.

(૬) **આસ્થા દિપ**નું માળખું ભવિષ્યમાં તૂટી જાય કે તોડીને નવું બનાવવાનું થાય તો તેવા સંજોગોમાં પ્લાન પ્રમાણેનું બાંધકામ કરવાનું છે તે જ પ્રમાણેનો ફ્લેટ અન્ય ફ્લેટ-માલિકો સાથે સહકારથી બાંધવાનો હક્ક તમો વેચાણ લેનારનો રહેશે.

(૭) મજકુર ફ્લેટના તમામ ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ છે તેમજ મજકુર ફ્લેટ તદ્દન બોજારહિત છે તેમજ મજકુર ફ્લેટ બીજા કોઈને ગીરો, બક્ષીસ, વેચાણ, બાનાખત કે અન્ય કોઈ કરાર દ્વારા ટ્રાન્સફર કે એસાઈન કરેલ નથી. તેમજ મજકુર ફ્લેટ કોઈપણ લોન અંગે જામીનગીરીમાં, તારણમાં કે ઈકવીટેબલ મોરગેજમાં મુકેલ નથી. તેમજ મજકુર ફ્લેટ અંગે કોઈપણ કોર્ટ કે સરકારી કચેરીમાં કોઈ પ્રોસીડીંગ્સ, અપીલ, રીવીઝન કે દાવાઓ પેન્ડીંગ નથી તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપી મજકુર ફ્લેટ તમો વેચાણ લેનારને વેચાણ આપ્યો છે.

(૮) મજકુર ફ્લેટને લગતા સરકારી કે અર્ધસરકારી કોઈ ટેક્ષ, વેરા, મહેસુલ વિગેરે આજદિન સુધીના બાકી નથી અને બાકી નીકળે તો તે અમો વેચાણ આપનારે ભરવાના છે અને આ વેચાણ દસ્તાવેજની તારીખથી આવા તમામ પ્રકારના ટેક્ષ, વેરા, મહેસુલ વિગેરે તમો વેચાણ લેનારે ભરવાના છે.

(૯) આ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડ્યુટી, રજી.ફી વિગેરે તમો વેચાણ લેનારને શિરે છે.

(૧૦) મજકુર ફ્લેટ તમો વેચાણ લેનારને નામે સરકારી દફતરે માલિકી હક્કે ચઢાવવા, જરૂરી જર જવાબો, સહીઓ, અરજીઓ વિગેરે કરી આપવા અમો વેચાણ આપનાર બંધાયેલા છીએ.

આ વેચાણ દસ્તાવેજ અમો વેચાણ આપનારે અમારી રાજીખુશીથી તેમજ શુદ્ધ બુદ્ધિથી લખી આપ્યો છે જે અમો વેચાણ આપનારને તથા અમારા વંશ, વાલી, વારસોને કબુલ મંજુર અને બંધનકર્તા છે.

અત્રે———————————————મતુ અત્રે———————————————શાખ